પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦૭ | ૭ ઓક્ટોબર, ૨૦૧૯, સોમવાર; આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


## પ્રથમ ટેસ્ટમાં આફ્રિકા પર ભારતનો ૨૦૩ રનથી વિજય

**જીતવા માટેના ૩૯૫ રન સામે આફ્રિકા ૧૯૧ રનમાં ઓલઆઉટ : ભારત તરફથી સામી-જોડજાએ દક્ષિણ આફ્રિકાની છાવણીમાં તરખાટ મચાવ્યો મોહમ્મદ સામીએ ૩૫ રનમાં ૫ વિકેટો ઝડપી : રવિન્દ્ર જાડેજા હેટ્રિક ચુક્યો**



વિશાખાપટ્ટનમ, તા. ૬

વિશાખાપટ્ટનામમાં રમાયેલી ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાએ આજે દક્ષિણ આફ્રિકા પર ૨૦૩ રને મોટી જીત મેળવી હતી. આની સાથે જ શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. દક્ષિણ આફ્રિકાની ટીમની બીજી ઈનિંગ્સમાં મોહમ્મદ સામીએ ૩૫ રન આપીને પાંચ વિકેટ લીધી હતી જ્યારે રવિન્દ્ર જાડેજાએ ૮૭ રન આપીને ૪ વિકેટ લીધી હતી. મેચના પાંચમાં અને અંતિમ દિવસે ટીમ ઈન્ડિયાને જીતવા માટે બીજી નવ વિકેટની જરૂર હતી. જીતના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમે દિવસના પ્રથમ બે સત્રમાં જ જીત મેળવી લીધી હતી. દિવસના પ્રથમ સત્રમાં મોહમ્મદ સામી અને રવિન્દ્ર જાડેજાએ ઘાતક બોલિંગ કરી હતી અને દક્ષિણ આફ્રિકી ટીમના એક પછી એક સાત બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા હતા જ્યારે અંતિમ બે વિકેટ લેવા માટે ભારતને બીજી ૨૨ ઓવર બોલિંગ ફેંકવાની જરૂર પડી હતી. આ મેચમાં આઠ વિકેટ લેનાર રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૩૫૦ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી લીધી હતી. આ પહેલા શનિવારના દિવસે ભારતે તેનો બીજો દાવ ચાર વિકેટે ૩૨૩ રને ડિકલેર કર્યા બાદ દક્ષિણ

● અનુસંધાન પાન-૭ પર

## દશેરાએ ફ્રાન્સમાં રાફેલ વિમાનની રાજનાથસિંહ શસ્ત્ર પૂજા કરશે

**રાજનાથ પેરિસમાં રાફેલમાં ઉંડાણ ભરવા ઇચ્છુક : આઠમી ઓક્ટોબરે રાજનાથસિંહ રાફેલ લઇને પરત આવશે**



નવીદિલ્હી,તા.૬

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આ વખતે ફ્રાંસમાં શસ્ત્ર પુજા કરનાર છે. કારણ કે, તેઓ દશેરાના દિવસે ફ્રાંસમાં રહેનાર છે. રાજનાથસિંહ ફ્રાંસથી રાફેલ યુદ્ધ વિમાન લઈને આવનાર છે. પેરિસમાં ૮મી ઓક્ટોબરના દિવસે પ્રથમ રાફેલ વિમાન ભારતને મળનાર છે. એજ દિવસે તેઓ રાફેલ વિમાન ઉંડાણ પણ ભરનાર છે.

સુત્રોના કહેવા મુજબ તેઓ ફ્રાંસીસી એરફોર્સના બેઝ પરથી ઉંડાણ ભરશે. સંરક્ષણમંત્રી સાતમી ઓક્ટોબરના દિવસે ત્રણ દિવસની પેરિસ યાત્રા પર રવાના થશે. આવતીકાલે પેરિસ જવા રવાના થયા બાદ આઠમી ઓક્ટોબરના દિવસો ભારતીય વાયુસેનાના સ્થાપના દિવસે ભારતને પ્રથમ રાફેલ વિમાન સોંપવામાં આવનાર છે. શસ્ત્રપૂજા પણ દશેરાના દિવસે પેરિસમાં યોજવામાં આવશે. વર્ષ ૨૦૧૬માં ફ્રાંસની સાથે ૫૮૦૦૦ કરોડ રૂપિયામાં ૩૬ યુદ્ધવિમાન ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ફ્રાંસ પાસેથી કુલ ૩૬ રાફેલ યુદ્ધ વિમાન મળનાર છે. સુત્રોના કહેવા મુજબ રાજનાથસિંહ રાફેલ વિમાનમાં ઉંડાણ ભરીને ચકાસણી કરનાર છે. આ ઉપરાંત ફ્રાંસના ટોચના લશ્કરી અધિકારીઓની સાથે રાફેલની નિર્માણ કંપની દસા એવિએશનના વરિષ્ઠ અધિકારીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. સિંહ ૯મી ઓક્ટોબરના દિવસે ફ્રાંસના ટોપ સંરક્ષણ અધિકારીઓ સાથે સંરક્ષણ અને સુરક્ષા સહકાર વધારવાના ઉપાય ઉપર ચર્ચા કરશે. ભારતીય હવાઈ દળનું એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ પહેલાથી જ ફ્રાંસ પહોંચી ચુક્યું છે. આ વિમાન ખુબ શક્તિશાળી અને મિસાઈલ લઈ જવામાં સક્ષમ છે. રાફેલ વિમાન ભારત પાસે આવ્યા બાદ ચીન અને પાકિસ્તાન ઉપર ભારતની સંરક્ષણના ક્ષેત્રમાં મહત્વની લીડ થઈ જશે. સાથે સાથે આતંકવાદી કેમ્પો ઉપર ત્રાટકવામાં પણ વધુ ઘાતક હથિયાર તરીકે સાબિત થનાર છે. ફેબ્રુઆરી મહિનામાં ભારતે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ત્રાસવાદી કેમ્પો પર હવાઈ હુમલા કર્યા હતા. ભારત સરકાર કહી ચુકી છે કે, આતંકવાદ સામે ઓપરેશનમાં રાફેલ વધુ ઉપયોગી રહેશે.

## વડાપ્રધાન મોદીનું વિમાન બનશે એન્ટી મિસાઈલ સિસ્ટમથી સજજ

**બે બોઇન્ગ ૭૭૭ વિમાન એર ઇન્ડિયા વન ૨૦૨૦ સુધીમાં ભારત આવશે**

ન્યુ દિલ્હી,તા.૬

હવે વડાપ્રધાન મોદીનું વિમાન પણ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપના વિમાનની જેમ મિસાઈલ હુમલાને નિષ્ફળ કરનારું હશે. પીએમ મોદી માટે લાંબા અંતરના બે બોઈન્ગ ૭૭૭ વિમાન 'એર ઈન્ડિયા વન' જૂન ૨૦૨૦ સુધીમાં ભારત આવશે. આ વિમાન એન્ટી મિસાઈલ ટેકનોલોજીથી સજ્જ હશે. આ વિમાનમાં તમામ અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ ખાસ એરોપ્લેનનો ઉપયોગ વડાપ્રધાન મોદી, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ એમ વેંકેયા નાયડૂ દ્વારા ઉપયોગ કરવામાં આવશે. હાલ તેઓ એર ઈન્ડિયાના બોઈંગ બી ૭૪૭ વિમાનનો ઉપયોગ કરે છે. દક્ષિણ બ્લોકના અધિકારીઓ અનુસાર, ડલાસમાં બોઈન્ગ સુવિધામાં બનાવવામાં આવી રહેલા બે વિમાન સુરક્ષા મામલે અમેરિકી રાષ્ટ્રપતિની વાયુસેનાના વિમાન બરાબર હશે. આ વિમાન ઈંધણ ભરવા માટે વચ્ચે રોકાયા વગર અમેરિકા અને ભારત વચ્ચે ઉડાન ભરી શકે છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકા આ વિમાન

● અનુસંધાન પાન-૭ પર

## અંતરિક્ષમાં પહેલીવાર બે મહિલા એસ્ટ્રોનોટ એકસાથે કરશે સ્પેસવૉક

વૉશિંગ્ટન,તા.૬

અંતરિક્ષમાં ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં એવું પહેલી વખત બનશે જ્યારે બે મહિલા એસ્ટ્રોનૉટ્સ એક સાથે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (જીજી)ની બહાર સ્પેસવૉક કરશે. અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસા પ્રથમવાર કોઈ પુરુષ સહયોગી વગર ૧૫ મહિલાની ટીમને સ્પેસવોક માટે મોકલી રહી છે. ૨૧ ઓક્ટોબરે આ ટીમ અલગ-અલગ તબક્કામાં સ્પેસવોક કરશે. આ પહેલા નાસાએ માર્ચ મહિનામાં મહિલાઓને સ્પેસવોક પર મોકલવાની યોજના કરી હતી પણ સ્પેસ શૂટ યોગ્ય સાઈઝમાં ન મળવાથી તે સ્થગિત કરાઈ હતી. હવે નવેસરથી તેની યોજના બનાવાઈ છે. મહિલાઓની આ ટીમને અંતરિક્ષ યાત્રી ક્રિસ્ટીના કોચ અને જેસિકા મીર લીડ કરશે. કારણ કે તેમને અંતરિક્ષ યાત્રાનો અનુભવ છે.

ઑક્ટોબર મહિનામાં કુલ મળીને ૫ સ્પેસવૉક કરાશે. આ સ્પેસવૉક દ્વારા સ્પેસ સ્ટેશન પર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**હૈદ્રાબાદમાં ટ્રેનર વિમાન ક્રેશ**

તેલંગાણાના સુલ્તાનપુર નજીક એક ટ્રેનર વિમાન દુર્ઘટનાગ્રસ્ત બન્યુ હતુ. આ દુર્ઘટનામાં બે પાયલોટના મૃત્યુ નિપજ્યા હતા. બે પાયલોટ પૈકી એક મહિલા પાયલોટ હતી.

**કેન્સાસમાં ગોળીબાર : ૪ના મોત**

અમેરિકામાં ફરી એકવાર ગોળીબારીની ઘટના સામે આવી છે. અહીંના કેન્સાસ સીટીમાં ગોળીબારમાં ચાર લોકોના મૃત્યુ નીપજ્યા છે જ્યારે પાંચ લોકો ઘાયલ થયા છે.

**બિહારમાં ડેન્ગ્યુનો કહેર**

બિહારમાં ભારે વરસાદ અને પૂર બાદ ડેન્ગ્યુનો કહેર જોવા મળી રહ્યો છે. ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા નવસોથી વધુ પહોંચી ગઈ છે. ચિકનગુનિયાના દર્દીઓમાં પણ ખૂબ વધારો થયો છે.

**દિલ્હીમાં પીએનજીના ભાવ ઘટ્યા**

દિલ્હી અને એનસીઆરમાં પાકૃતિક ગેસની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ગેસની કિંમતો ૧૨.૫ ટકા ઘટી છે. સીએનજીની કિંમતોમાં પણ ઘટાડો થયો છે.

## ફારુક અને ઓમર અબ્દુલ્લાને મળવા પ્રતિનિધિમંડળ પહોંચ્યું

**રાજ્યપાલની મંજુરી મળ્યા બાદ મોટી રાહત : જમ્મુ કાશ્મીરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે પ્રયાસો**



શ્રીનગર,તા.૬

નેશનલ કોન્ફરન્સના ૧૫ સભ્યોના પ્રતિનિધિમંડળે આજે ફારુક અબ્દુલ્લાને મળવા માટે ઉત્સુકતા દર્શાવી હતી અને આ પ્રતિનિધિમંડળ શ્રીનગર પહોંચી ગયું હતું. જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રએ શનિવારના દિવસે જ આની મંજુરી આપી હતી. આ પ્રતિનિધિમંડળની ઓમર અબ્દુલ્લા સાથે પણ મુલાકાત થઈ છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી બાદ પૂર્વ મુખ્યમંત્રી પિતા-પુત્ર ફારુક અને ઓમર નજર કેદ હેઠળ છે. પાર્ટી નેતાઓનું પ્રતિનિધિમંડળ જમ્મુ પ્રાંતિય અધ્યક્ષ દેવેન્દ્રસિંહ રાણાના નેતૃત્વમાં ફારુક અને ઓમરને મળવા માટે શ્રીનગર પહોંચી ગયું છે. ૮૧ વર્ષીય ફારુક અબ્દુલ્લા શ્રીનગર સ્થિત પોતાના આવાસ પર નજરકેદમાં છે જ્યારે ઓમર અબ્દુલ્લાને સ્ટેટ

● અનુસંધાન પાન-૭ પર

## ભારતીય સેનાએ આતંકીઓને ફાયરિંગ કરી ખદેડ્યા

**પાકિસ્તાને ફરી વખત પુંછમાં સીઝ ફાયરનું ઉલ્લંઘન કર્યુ**

શ્રીનગર,તા.૬

જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાને મોટી સફળતા મળી છે. બારામુલ્લામાં ૪ થી ૫ આતંકીઓ ઘુસણખોરી કરી રહ્યા હતા અને અંધાધૂન ફાયરિંગ કરી રહ્યા હતા. જોકે મ્જીહ્લના જવાનોએ જડબાતોડ જવાબ આપી તમામ આતંકીઓને પાછા ધકેલ્યા હતા.

મહત્વનું છે કે કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ કલમ હટાવ્યા બાદ આતંકીઓને પનાહ આપતું પાકિસ્તાન લોહિ ઉકાળા કરી રહ્યું છે. અને આતંકીઓને ભારતમાં ઘુસપેઠ કરાવી રહ્યું છે. જોકે ભારતીય સેના તમામ મોરચે આતંકીઓના નાકામ ઈરાદાઓ પરાસ્ત કરી રહ્યું છે.

પાકિસ્તાની સેનાએ ફરીવાર જમ્મુ કાશ્મીરના પુંછમાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યુ. શનિવારે મોડી રાત્રે પાકિસ્તાને ભારતીય ચોકી અને ગામડાઓને નિશાન બનાવ્યા. પાકિસ્તાનના સીઝ ફાયર બાદ ભારતીય સેનાએ પાકિસ્તાની રેન્જર્સને જડબાતોડ જવાબ આપ્યો છે.

આ પહેલા પાકિસ્તાને કઠુઆના હીરાનગરમાં પણ બેફામ ગોળીબાર કર્યો હતો.


જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય :

SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

વધે નામના તમારી

એવી શુભકામના અમારી




લોકકલા નેશનલ એવોર્ડ સ્વિકારતા ભાવિન પટેલ

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા લોકકલામાં વિશિષ્ટ પ્રદાન બદલ રાષ્ટ્રીય કક્ષાનો ગુજરાત લોકકલા નેશનલ એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્રના અધ્યક્ષ

ભાવિનભાઈ પટેલ

અને સમગ્ર ટીમને અંતરના ઉમળકાથી

અભિનંદન... અભિનંદન... અને અભિનંદન...

આપે ગાંધીનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિને ગૌરવ અપાવ્યું છે...

આપના નેતૃત્વમાં પનઘટના માધ્યમથી સાંસ્કૃતિક ચેતનાની જ્યોત સતત પ્રસરતી રહે એવી શુભકામનાઓ પાઠવીએ છીએ....

રાજુ જોષી — કૃષ્ણકાન્ત જહા

અશોક છનીયારા — દિપક ભટ્ટ

શાંતિલાલ ઘોઘારી — કિન્નર ઝવેરી

રાજન શાહ — જયેશ પંચોલી